**ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષશ્રી માટે નવુ વાહન ખરીદ કરવાની રૂ.૧૨.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત.**

**નવી બાબત વર્ષ ૨૦૧૫-૧૬**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ અવક/૧૪૨૦૧૫/૧૨૬૭૧૩/જ**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૨૧/૪/૨૦૧૫**

**વંચાણે લીધાઃ-**

(૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો તા:૩૧/3/૨૦૧૫નો
પત્ર ક્રમાંક:અવિકો/મકમ/૨૦૧૪/૨૦૧૫/૬૦૮૪

## આમુખ :-

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ માટે વાહન ખરીદવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ.૧૨.૦૦ લાખ વાહન ખરીદી કરવા માટેની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનાં ક્રમ.૧ પરનાં તા. ૩૧/3/૨૦૧૫ના પત્રથી આ નિગમનાં માન.અધ્યક્ષશ્રી માટે નવી ગાડી ખરીદવા માટે ની રૂ.૧૨.૦૦લાખની વર્ષ ૨૦૧૫-૧૬ની નવી બાબતને વહિવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠ રા વઃ-**

નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સમાવેશ કરેલ નિગમના અધ્યક્ષશ્રી માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગનાં તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવની જોગવાઈ અન્વયે મળવાપાત્ર એ.સી.,ઇનોવા (ડીઝલ) પ્રકારનું વાહન માટે રૂ.૧૨.૦૦ લાખની મર્યાદામાં ખરીદવા માટેની નવી-બાબતને **નીચેની શરતોએ આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.**

(૧). આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાંણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨). પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરુરિયાત પ્રમાણે આગામી નાંણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩). આ અંગેનું ખર્ચ રાજય સરકારનાં સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪). આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાંણાકીય ઔચિત્યનાં સિધ્ધાંતો નું પાલન કરવાનું રહેશે.

(૫). આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪-૦૯-૨૦૦૮ ના ઠરાવ ક્રઃ જીટીએસ-૧૦૨૦૦૬-યુઓ.૮/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય દરમ્યાન ખરીદી કરવાની રહેશે.

(૭). બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઇ પ્રકારનું વાહન ખરીદી શકશે નહીં. તેમજ, બંદર અને વાહન-વ્યવહાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

(૮) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૯) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪-૦૯-૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની નિગમની જવાબદારી રહેશે.

(૧૦) વાહનની ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- (આયોજન) -મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ - પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ- ગૌણ સદર-૧૯૦- જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય પેટા સદર-૦૧- બીસીકે-૪૦ અનુસુચિત જાતિ પેટા યોજના અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ અને અન્ય બોર્ડ –બજેટ હેડ હેઠળ કરેલ રૂ.૧૨.૦૦લાખની જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬-૪-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( કમલેશ શાહ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, કો.સેલ.શાખા તરફ વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.